# મોડાસા પ્રિન્સિપાલ અપહરણ કેસમાં આરોપીઓને ૮ વર્ષની કેદ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના શામળાજી હાઈવે પર આવેલી મોડાસા એન્જિનીયરીંગ કોલેજના પ્રિન્સિપાલ અને બે પ્રેક્ટિસરોનું ૨૦૦૮માં ચાર વ્યક્તિઓએ અપહરણ કરી લુંટ ચલાવી હતી. જેમાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી જે અંગે મોડાસાની સેસન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં આ કેસનો ચુકાદો આવતા ચાર આરોપીઓ પૈકી બે આરોપીઓને ૮ વર્ષ અને બે આરોપીઓને ૬ વર્ષની સજા ફટકારવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસાની ઈજનેરી કોલેજ પ્રોફેસર ગત તા. ૨૧-૫-૨૦૦૮ના રોજ બનેલી ઘટનામાં ૩ પ્રોફેસરો ૨૧-૫-૨૦૦૮ના રોજ પોતાની ગાંધીનગર તથા પાટણ ખાતેની મીટીંગમાં હાજરી આપી મોડાસા આવી રહ્યા હતા ત્યારે તેમની સાથે અમદાવાદથી મોડાસા આવવા માટે એક ઈસમે પણ બસમાં સવારી કરી રહ્યો હતો. આ ત્રણેય પ્રોફેસરો



મોડાસા એન્જિનીયરીંગ બસ સ્ટોપ પર ઉતર્યા હતા ત્યારે અન્ય એક બસમાં સાથે મુસાફરી કરી રહેલો ઉતરીને પાછળ આવી રહેલી સફેદ મેક્સ ગાડીમાં આવી પહોંચેલો ઈસમોએ પ્રિન્સિપાલ અને બન્ને પ્રોફેસરોને રીવોલ્વર બતાવી જીપમાં બેસાડી ત્રણેયનું અપહરણ કર્યુ હતું. થોડેક દૂર જતાંઆ જીપ ગાડીમાં સવાર અપહરણકારોએ હિંમતનગર-શામળાજી નજીક રાજેન્દ્રનગર ચોકડી પાસે ઉંધુ બફાયાનું જાણી અપહરણકર્તાઓ પૈકી એક વ્યક્તિએ અન્ય એક અજાણી વ્યક્તિને ફોન લગાવી કહ્યું હતું કે અપહરણ કર્યુ તે વ્યક્તિઓ તો પ્રોફેસર છે તો હવે શું કરવું ? ત્યારે સામેવાળી અજાણી વ્યક્તિએ આ અપહરણકર્તાઓને સૂચના અપાતાં આ શખ્સોએ પ્રોફેસર અને પ્રીન્સીપાલ પાસે રહેલા રોકડા નાણાં, મોબાઈલ, ઘડીયાળ, સોનાની વીંટી, ચેઈન લુંટી લઈ રાજેન્દ્રનગર ચોકડી નજીક ઉતારી દી ફરાર થઈ ગયા હતા.

પ્રોફેસરોએ સમગ્ર ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસ મથકે નોંધાતા પોલીસે ચાર શખ્સો વિરૂદ્ધ ફરીયાદ દાખલ કરી ધરપકડ કરવામાં આવી હતી. જે અંગેનો કેસ ચાલી જતાં ગુરૂવારના રોજ મોડાસાની એડીશનલ સેશન્સ જજ એચ. પી. ભટ્ટની કોર્ટમાં સરકારી વકીલ ડી.એસ. પટેલની દલીલોને અને તેમને રજુ કરેલા પુરાવાને ધ્યાને લઈ આ ચારેય શખ્સો પૈકી બે આરોપીઓને ૮ વર્ષની અને બે આરોપીઓને ૬ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી. સજા સાથે આરોપીઓને દંડ ફટકાર્યો હતો.

### આર.ટી.ઓ.માં પાર્સીંગ તો થાય છે પણ આર.સી. બુક માટે પડતી હાલાકી

# કાચું લાયસન્સ અરવલ્લીમાં મળે પણ પાકા માટે સાબરકાંઠાના ધક્કા

### ૫ કિ.મી. દુર આર.ટી.ઓ. જવા માટે લટકાનો ટોલટેક્સ ભરવો પડે છે

મોડાસા, તા. ૨૦

સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લો અલગ થયે બે વર્ષ થયા છે. મોટાભાગે જિલ્લા કક્ષાની તમામ કચેરીઓ અરવલ્લીમાં કાર્યરત થઈ ગઈ છે. પરંતુ વર્ષનો ગાળો વીતી જવા છતાં પણ હજુ અરવલ્લી જિલ્લાની પ્રજાને આરટીઓના અનેક કામ માટે સાબરકાંઠા જિલ્લામાં જવું પડી રહ્યું છે. નવાઈની વાત તો એ છે કે અરજદારને કાચુ લાયસન્સ

(તસવીર : સમીર બલોચ, મોડાસા)



આરટીઓ કચેરીને જાણે ગ્રહણ લાગ્યું હોય તેમ હજુ પ્રજાને અનેક કામો માટે સાબરકાંઠામાં જવું પડે છે. અરજદારને કાચુ લાયસન્સ અરવલ્લીમાંથી મળે છે પરંતુ હજુ પાકુ લાયસન્સ મેળવવા માટે સાબરકાંઠામાં જવુ પડી રહ્યું છે. બીજી બાજુ નવા કોડ નંબર આધારે વાહન પાર્સીંગ તો થાય છે પરંતુ સીસ્ટમ શરૂ ન થતાં આરસી બુક માટે હજુ લોકોને રાહ જોવાનો વારો આવ્યો છે. એટલું જ નહીં શહેરથી બે કિ.મી. દૂર આવેલી મોડાસા આરટીઓમાં વાહનચાલકોને જવું હોય તો ફરજિયાત ભરવો પડે છે.

અરવલ્લી જિલ્લામાં મોડે મોડે એઆરટીઓ કચેરી શરૂ થઈ છે અને જી.જે.૩૧ કોડ ફાળવવામાં આવ્યો છે. પરંતુ એઆરટીઓ કચેરીની સેવા હજુ જિલ્લા વાસીઓને મળવાની શરૂ થઈ નથી. બે અરવલ્લીમાંથી મળે છે. પરંતુ પાકુ લેવા હજુયે હિંમતનગરનો ધક્કો અરજદારે ફરજીયાત ખાવો પડે છે. સરકારે મોટા ઉપાડે એઆરટીઓ કચેરી શરૂ કરી પણ હજુ પુરેપુરી કાર્યરત થઈ શકી નથી. જેના કારણે પ્રજાને પૈસા અને સમય વેડફવાનો વારો આવે છે.

આ જ રીતે જી.જે.૩૧ નંબરની મોડાસામાં ફાળવણી થઈ ગઈ છે. જેના આધારે નવું વાહન પાર્સીંગ કરાવનારને નંબર આપવામાં આવી રહ્યા છે પરંતુ હજુ સીસ્ટમ કાર્યરત ન થઈ શકતાં વાહન માલિકોને આરસી બુક મળી શકતી નથી. વાહન પાર્સીંગ થઈ ગયા બાદ આરસી બુક ન મળતાં લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. એક તરફ પ્રજાની સુવિધા વધે તે માટે જિલ્લો અલગ બન્યો છે પરંતુ હજુ અરવલ્લીની પ્રજાને આરટીઓના કામ માટે તો સાબરકાંઠાનો જ આધાર રાખવો પડે છે.

# કેરાલામાં મોટો થઈ વતન અરવલ્લીમાં આવેલો યુવાન બે દિવસથી લાપતા

### પોતાના ગામ મોડાસાના નાની ઈસરોલથી સ્કૂટર લઈ આંટો મારવા ગયા પછી ગુમ થતાં શોધખોળ ચાલુ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના નાની ઈસરોલ ગામના ઠાકોર સમાજનો યુવાન પિતા સાથે કેરાલાથી આવેલો અને પોતાના વતનમાંથી ગુમ થયાની ઘટનાએ તેના પરિવારજનોમાં ભારે ચિંતા ઉપજાવતાં ચારેકોર તેની શોધખોળ આદરવા છતાં તેનો પત્તો ન મળતાં આખરે પોલીસમથકે જાણ કરવા તજવીજ હાથ ધરી છે.

મોડાસાના નાની ઈસરોલના ભવાનજી કડવાજી કોટવાલ નામનો ઠાકોર યુવાન ત્રણેક દાયકા પહેલા પેટીયુ રળવા માટે કેરાલા રાજ્યમાં અર્નોકુલમ(ચમકરા) વિસ્તારમાં ગયો હતો જ્યાં તે સ્થિર થઈ ગયો હતો. તેણે પોતાનું લગ્ન પણ કેરાલાની યુવતી સાથે કરી લેતાં તેનાથી તેને બે પુત્રોનો જન્મ થયો હતો. જન્મથી જ બંને સંતાનો કેરાલામાં જ રહીને ઉછર્યા હતા અને ત્યાં જ અભ્યાસ કરી રહ્યા હતા. દરમિયાન આ સંતાનોની માતાનુંદસ વર્ષઅગાઉ અવસાન થયું હતું. પિતા ભવાનજી બંને પુત્રોને ઉછેરી મોટા કરી અને ભણાવી કામધંધે લગાવ્યા હતા જેમાં ગુમ થનાર પુત્ર પોતાનું માલવાહક વાહન હંકારી પેટીયું રળતો હતો.



દરમિયાન તેમના આ બે પુત્રોમાં મોટો પુત્ર જોથીસ (૨૨ વર્ષ) અને નાનો પુત્ર થેઝસ (ઉં.વ.૨૦)નો સમાવેશ થાય છે. ઘણા વર્ષો કેરાલામાં રહ્યા પછી વતનમાં આવવાની ઈચ્છા થતાં પિતા ભવાનજી ૧૭મી જૂને બપોરે પોતાના વતન નાની ઈસરોલ મોટા પુત્રને થેઝસને લઈ આવ્યા હતા. પોતાના ભાઈને ત્યાં રાત્રી રોકાયા પછી બીજા દિવસે પોતાનું જુનું ઘર ખોલી થોડા દિવસ રહેવાનું વિચારતાં હતા ત્યાં બાવીસ વર્ષીય પુત્ર જોથીસ પડોશીનું સ્કુટર લઈ ગામમાં આંટો મારવા ગયો હતો. કેરાલામાં જ ઉછરી અને ત્યાં ભણી-ગણીને મોટો થયો હોઈ તેને માત્ર અંગ્રેજી અને તમિળભાષા (મલયાલમ) જ આવડતી હતી. ગુજરાતીમાં એક પણ શબ્દ નહિ સમજતો આ યુવાન આ વિસ્તારથી પણ સાવ અજાણ્યો હતો. પહેલીવાર જ વતનમાં આવ્યો હતો. વિસ્તારના રોડ-રસ્તા અને ભૌગોલિક પરિસ્થિતિથી સાવ અજાણ જોથીસ ૧૮મીએ સવારના ૮ કલાકે પડોશીનું સ્કૂટર લઈ આંટો મારવા ગયા પછી આજદિન તે પાછો નહિ ફરતાં તેની ચારે કોર રોડરસ્તા અને અન્ય વિસ્તારોમાં પણ તેના પરિવારજનોએ તપાસ હાથ ધરી છે પરંતુ, ક્યાંય તેનો પત્તો ન લાગતાં ચિંતાતુર તેના પિતા અને સગા-સંબંધીઓએ તેનો પત્તો મેળવવા માટે કોઈ જ કચાસ છોડી ન હતી. છતાં પણ તેના કોઈ જ વાવડ ન મળતાં પડી ભાગેલ આ પરિવાર અને તેના પિતાએ ન છૂટકે પોલીસનો સહારો લેવા તજવીજ હાથ ધરી છે.

આ વિસ્તારની ભાષા અને વિસ્તારના રોડ રસ્તા ગામડાઓથી સાવ અજાણ એવો આ યુવાન વ્યવસાયે ડ્રાયવર છે અને સ્કૂટર ઉપર ક્યાં ગયો હશે ? તે વિશે અનેક તર્કવિતર્ક સાથે સહુ કોઈ પરિવારજનો ઉંડી ચિંતા અને વિમાસણમાં પડ્યા છે.

# મોડાસા નાગરિક બેંકની ચૂંટણી ૨૮મી જૂને

મોડાસાનાગરીક સહકારી બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સ ની ૧૫ બેઠકો માટે ૨૮ જૂનના રોજ ચૂંટણી યોજાનાર છે ત્યારે ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ૩૦ ઉમેદવારોએ ફોમ ભર્યા હતા. જેમાં ૩ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા ૨૭ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું.

મોડાસા બેંકના ચૂંટણી અધિકારી દિલીપ એન.શાહના જણાવ્યા મુજબ સામાન્ય સભ્ય માટેની ૧૨ બેઠકો માટે૨૫ ઉમેદવારોએ જયારે મહિલા અનામતની ૨ બેઠકો માટે ૩ મહિલા ઉમેદવારોએ અને અનુસુચિત જનજાતીની એક બેઠક માટે બે ઉમેદવારે ઉમેદવારી નોંધાવી હતી. વખતની ચૂંટણીમાં વર્તમાન ડીરેકટરો અને યુવાનોની પેનલો સામ સામે ટકરાવાના સંજોગો સર્જાતા ચૂંટણીઓ રસાકસીભરી બની રહેશે. ચૂંટણીમાં ૩૦ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

જેમાં ગુરૂવારે ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ હોઈ ત્રણ ફોર્મ પરત ખેંચાતા કુલ ૨૭ ઉમેદવારો ચૂંટણીમાં ઝંપલાવ્યું હતુ. આગામી ૨૮ જૂનના રોજ ચૂંટણી યોજાનાર હોઈ નગરમાં તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડયું હતું. વખતે બે પેનલો સામ સામે એડીચોટીનું જોર લગાવી ભારે મતદાન કરવાના મૂડમાં છે.

# હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

### હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં ૫૭ કુમાર અને ૫૬ કન્યા મળી ૧૧૩ બાળકોનું થયેલ નામાંકન : પ્રાથમિક શિક્ષણ એ જ્ઞાન પ્રાપ્તિનું પ્રથમ પગથિયું છે : રમણલાલ વોરા

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અંતર્ગત શાળા પ્રવેશોત્સવના બીજા તબક્કાના દ્વિતીય દિવસે હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં ૫૭ કુમાર અને ૫૬ કન્યા મળી કુલ ૧૧૩ બાળકોનું નામાંકન સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરસ્વતી સાધના યાત્રાની શરૂઆત કરનાર ચરણાર્થીઓ એવા બાળકોને ઉજ્જવળ ભાવિ માટે શુભકામના પાઠવી માતા-પિતા તથા વડીલોને તેના બાળકને પ્રાથમિક શિક્ષણ આપવા અનુરોધ કર્યો હતો. નબળી આર્થિક પરિસ્થિતિને લીધે અભ્યાસ ન કરાવી શકતા માતા-પિતાને હવે પોતાના બાળકના શિક્ષણ માટે ચિંતા કરવાની આવશ્યકતા રહેતી નથી. કારણ કે, રાજ્ય સરકાર દ્વારા મફત શિક્ષણ



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સુવિધા, ગણવેશ અને શિષ્યવૃત્તિ તથા વિદ્યાલક્ષ્મી બોન્ડ અને અન્ય સહાય પુરી પાડવામાં આવે છે.

પ્રવેશપાત્ર બાળકોને મોં મીઠું કરાવી કુમકુમ તિલક કરી શાળાના સ્ટાફ તથા દાતાશ્રીઓના આર્થિક સહયોગથી પ્રવેશપાત્ર બાળકોને સ્કૂલ બેગ આપવામાં આવેલ. ઉપરાંત બાળકોને આરોગ્યપ્રદ ચોકલેટ આપવામાં આવી હતી. આંગણવાડીમાં પ્રવેશ મેળવનાર બાળકો માટે રમકડાં આપી શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો.

શાળાના તેજસ્વી તારલાઓને સાંસદશ્રીના હસ્તે પ્રોત્સાહિત ઈનામોનું વિતરણ તથા વયોવૃદ્ધ વ્યક્તિ અને શ્રેષ્ઠ પ્રતિભા સંપન્ન વ્યક્તિનુંસન્માન કરવામાં આવ્યુંહતું. તેમજ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવેલ હતું.

આ ઉપરાંત હિંમતનગર વણઝારાવાસ પ્રાથમિક શાળા ખાતે સ્વ. કપિલભાઈ રાવલના સ્મરણાર્થે પ્રેસ કલબ, હિંમતનગર દ્વારા બાળકોને તિથી ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પત્રકાર અગ્રણી દિપ ત્રિવેદી, મગનજીત વણઝારા, મકસુદ મનસુરી, દેવાંગ રાવલ તથા તેમના પરીવાર સદસ્ય અશોક રાવલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન રાજુભાઈ પંચાલ, નગરપાલિકા પ્રમુખ શંકરભાઈ કહાર, શહેર પ્રમુખ બિપીન ઓઝા, મામલતદાર ગઢવી, નાયબ નિયામક ઝાલા, તાલુકા કેળવણી નિરિક્ષક, સીર.આર.સી. કો-ઓર્ડીનેટર, સી.ડી.પી.ઓ., શહેરીજનો તથા શાળાના શિક્ષકો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરમાં કેબલ ઓપરેટર એસોસિએશનની રચના



પાલનપુર, તા.૨૦

ગ્રાહકોને સારી સુવિધા મળે અને સેટ એપ બોકસને લગતી તકલીફોનું નિવારણ થાય એ હેતુથી પાલનપુર તાલુકા કેબલ ઓપરેટર એસોસિએશનની સ્થાપના કરવામાં આવી છે.

પાલનપુર શહેર અને તાલુકાના ૩૦થી વધુ કેબલ ઓપેટરની પ્રથમ બેઠકમાં નોંધણી કરવામાં આવી હતી અને તેમના જુદા જુદા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. પાલનપુર શહેર ઉપરાંત તાલુકાના જુદા જુદા ગામોમાંથી આવેલા કેબલ ઓપરેટરોએ પ્રસારણ સંબંધી ગ્રાહકોને પડતી તકલીફો સંબધી તેમજ અન્ય પ્રશ્નો રજુ કર્યા હતા. બેઠકમાં રજુ થયેલા પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ આવે તેવી ખાતરી પણ તમામ કેબલ ઓપરેટરને આપવામાં આવી હતી.

બેઠકમાં ગ્રાહકોના હિતમાં એસોસીએશનની રચના કરવામાં આવી હતી. જેમાં કેબલ ઓપરેટર એસોસીએશનના પ્રમુખ પદે રાજુભાઈ ડાભી જયારે મહામંત્રી પદે જીએસટીવીના રિપોર્ટર નરેશ ચૌહાણની સર્વાનુમતે વરણી કરાઈ હતી. ઉપરાંત ઉપપ્રમુખ પદે સવદાનભાઈ ઠાકોર મંત્રી પદે અક્ષય વ્યાસ, ખજાનચી પદે અશોક કરપટીયા, સહ ખજાનચી પદે મહેશભાઈ પટેલ, આંતરિક ઓડીટર પદે હરેશ શુકલાની નિમણુંક કરાઈ હતી જયાર સલાહકાર પદે નારણભાઈ ઠાકોર, કમલેશભાઈ મોઢ, રાજુભાઈ માળી અને ભદ્રેશભાઈ ખત્રીની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

# અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨૦

અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર એસ. છાકછુઆકની અધ્યક્ષતામાં મોડાસા વિભાગના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર અને જિલ્લા પંચાયત પ્રમુખ નેહાબેન પટેલની ઉપસ્થિતિમાં આજે બેઠક યોજાઈ હતી.

બેઠકમાં ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર દ્વારા મોડાસા શહેરની સોસાયટીઓમાં લાંબા સમયથી ખુલ્લા પ્લોટોની માહિતી અન્વયેની કાર્યવાહી અને તેમાં થતી ગંદકીનો નિકાલ, ગામના નમૂનામાંફેરફારની વહીવટી નોંધો-ખેડૂત પ્રમાણપત્રો, રવિ પાકના ખેડૂતોને પાણી પત્રકની નોંધો, સિંચાઈના ચેકડેમો કરવા બાબતેના રજુ થયેલ પ્રશ્નોની વિગતવાર સમીક્ષા કરી ઘટતુ કરવા સંબંધિત અધિકારીઓને અધ્યક્ષસ્થાને સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠકના ભાગ-૨ માં બાકી પેન્શન કેસો, અરજદારોની પડતર અરજીઓ, ખાનગી અહેવાલની કામગીરી, સમય મર્યાદામાં પૂર્ણ કરવા, સરકારી લ્હેણાની વસુલાત સત્વરે પૂર્ણ કરવા, નીચલી કચેરીના નિરીક્ષણના કાર્યક્રમો ઘડી સમયસર તપાસણી કરવી, મંત્રીશ્રી, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓના પત્રોનો ત્વરિત પ્રત્યુત્તર કરવા બાબતે વિભાગવાર સમીક્ષા કરવામાં આવી હતી. વધુમાં કલેકટર છાકછુઆકે જિલ્લાની તમામ આંગણવાડી, શાળાઓ, સબ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં અગ્રીમતાએ વીજળીકરણની કામગીરી પૂર્ણ કરવાની ઝુંબેશ કરવા જણાવી ત્યારબાદ ગતિશીલ ગુજરાત અંતર્ગત કામગીરી સંવેદનશીલ હોવાની ગણાવી ફાળવેલ લક્ષ્યાંકો નિયત થયા મુજબ સત્વરે પૂર્ણ કરવા તથા યોજનાકીય લાભોની દરખાસ્તો તેમજ પડતર કામગીરી આગામી માસમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમો અગાઉ પૂર્ણ કરી લેવા અમલીકરણ અધિકારીશ્રીઓને અનુરોધ કર્યો હતો.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુધિર પટેલ, ઈ.ચા. અધિક કલેકટરશ્રી બી.એમ. પરમાર, પ્રાયોજના વહીવટદાર પી.સી. ઠાકુર, નાયબ કલેકટર એસ.બી. પટેલ, આનંદ આચાર્ય પ્રજાપતિ તથા અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મરડીયા પાટીયા નજીક ટ્રકની ટકકરે ટ્રેકટરે પલ્ટી ખાધી

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મરડીયા પાટીયા નજીક ટ્રકના ચાલકે આગળ જઈ રહેલા ટ્રેકટરને પાછળથી ટકકર મારતાં ટ્રેકટર ગોથું ખાઈ ગયું હતું. જેમાં ટ્રેકટરમાં બેઠેલા પાંચ વ્યકિતઓમાંથી સંદિપભાઈ અને પિન્ટુભાઈના શરીરે ઈજાઓ પહોંચી હતી જયારે ટ્રેકટરમાં ભરેલ વિદ્યુતબોર્ડની ડીપીઓને નુકશાન પહોંચાડી ટ્રક ચાલક ટ્રક લઈ ફરાર થઈ ગયો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર: TATA
ઓથોરાઈઝ્ડ ડીલર: Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦